# પ્રાંતિજ એપ્રોચ રોડથી રેલ્વે સ્ટેશન રોડ ઉપર ઠેરઠેર મસ્ત મોટા ખાડાઓ



પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ત્રણ રસ્તાથી એપ્રોચરોડ રેલ્વેસ્ટેશન સુધી રોડ ઉપર ઠેરઠેર મસ્ત મોટા ખાડાઓ પડીજતા વાહન ચાલકો પરેશાન છે છતાંય જવાબદાર તંત્ર ગૌર નિદ્રામા હોય તેવુ હાલતો સ્પષ્ટ પણે જણાઈ આવે છે. પ્રાંતિજ એપ્રોચરોડ થી રેલ્વેસ્ટેશન રોડ ઉ જયા જુવો ત્યા મોટા મોટા ખાડાઓ પડયા છે અને ખાડાઓને લઈ ને વાહન ચાલકો સહિત રોજીદુ અવરજવર કરતા લોકોને મુશ્કેલીઓ પડે છે તો કેટલીકવાર ખાડાઓમા વાહન ચાલકો પટકાતા હાડકા ભાગ્યા છે અને તેવોના વાહનોને પણ નુકસાન પણ થતા નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે તો આ રોડ ઉપર નાની-મોટી અનેક કચેરીઓ તથા શાળાઓ કોલેજો સંસ્થાઓ તથા બેકો અને હોસ્પિટલો તથા સોસાયટીઓ પણ આવેલ છે અને આ રોજ ઉપર દશ હજાર થી પણ વધુ લોકો ની અવરજવર છે અને રજુઆત બાદ પણ તંત્ર જાણે કોઈ મોટી જાનહાનિ ની રાહ જોવાતી હોય તેવુ હાલતો લાગી રહ્યુ છે ત્યારે વાહન ચાલકો તથા આજુબાજુમા આવેલ સોસાયટીના રહીશોની માંગ છેકે આ રોડ ઉપર પડેલ ખાડાઓ પુરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે જવાબદાર તંત્ર ગોર નિદ્રા માંથી જાગશે કે પછી હોતા હે ચલતા હે જેવી સ્થિતિ જોવા મળશે એ તો હવે જોવુ રહ્યુ.



### તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા ધારાસભ્યને આવેદનપત્ર

તા.પ્રા.શિ.સંઘ દ્વારા રાજ્ય અને જી.પ્રા.શિ. સંઘ ના આદેશનુસાર સરકારશ્રી સાથે થયેલ સમાધાન અન્વયે અમાલવારીમાં પડતર રહેલા પ્રશ્નો બાબતે ધારાસભ્ય ડો.તુષારભાઈ ચૌધરી ને ખેડબ્રહ્મા/પોશીના/ વિજયનગર તાલુકા વતી આવેદન પત્ર આપવામાં આવ્યું.હતુ તો ધારાસભ્ય દ્વારા દ્વારા મુખ્યમંત્રી સુધી રજુઆત પહોંચાડવાની ખાતરી આપવામાં આવી...

# ચંદ્ર પર ભારત : પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો એકબીજાને મીઠાઈ ખવડાવી ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી





પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો દ્વારા ચાંદ પર ભારત પહોચતા એકબીજા નું મોઢુ મીઠુ કરાવી આતશબાજી કરી ખુશી વ્યક્ત કરી. ગુજરાત સહિત દેશભરમાં ખુશીનો જબરદસ્ત માહોલ જોવા મળી રહ્યો છે ચંદ્રયાન-૩ નુ સફળ લેન્ડિંગ થયા બાદ તુરંત જ આતશબાજી પણ જોવા મળી હતી ચંદ્રયાન ૩ લેન્ડિંગ કરતા સાથેજ આતશબાજી સાથે આ મહત્વ ની પળ નુ સ્વાગત થયુ હતુ અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, સુરત, વડોદરા દરેક શહેરમા એક જબરદસ્ત માહોલ જોવા મળ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરો દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે એકઠા થઈ એકબીજા ને ભેટીને એક બીજાનુ મોઢુ મીઠુ કરાવીને ખુશી વ્યક્ત કરી હતી તો ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી તો ચંદ્રયાન ૩ લેન્ડિંગ થવાની ઐતિહાસિક પળ ને નિહાળી હતી તો ભારતે ઈતિહાસ રચ્યો છે ચંદ્રયાન -૩ નુ વિક્રમ લેન્ડર ચંદ્ર ના સાઉથ પોલ પર સફળતાપૂર્વક લેન્ડ થયુ છે અને ચંદ્ર ના આ ભાગ પર લેન્ડિંગ કરનારો ભારત પહેલો દેશ બન્યો છે જયારે ચંદ્ર ના કોઈપણ ભાગમા યાન ઉતારનાર તે ચોથો દેશ બની ગયો છે આ પહેલા માત્ર અમેરિકા, સોવિયત યુનિયન અને ચીનનેજ આ સફળતા મળી છે આ પ્રસંગે પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપ તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, નગરપાલિકા પૂર્વપ્રમુખ નિરવભાઈ પરીખ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ, નિકુંજભાઈ રામી, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, મનોજભાઈ મોદી, સુરેશભાઈ રાવલ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મીઠાઈ ખવડાવી ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી અને વૈજ્ઞાનિકોને દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રોત્સાહિત કરતા ભારત આ સિધ્ધિ પ્રાપ્ત કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પણ શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવરી હતી.

## બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં એક દિવસીય સંસ્કૃત અભ્યાસ વર્ગ યોજાયો



પાલનપુર તા.૨૪

સંસ્કૃત ભારતી મહેસાણા વિભાગ દ્વારા અંબાજી આર્ટ્સ કોલેજમાં એક દિવસીય સંસ્કૃત અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ વર્ગમાં બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાંથી સંસ્કૃત ભારતી સાથે જોડાયેલા કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. આ અંગે વધુ વીગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લા ના સંવાદ દાતા હરેશ જી .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, અખીલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના ઉપાધ્યક્ષ ડૉ.ગીરીશભાઈ ઠાકરે સંસ્કૃત ભારતી સંગઠન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બીજા સત્રમાં સંસ્કૃત ભારતી ગુર્જર પ્રાન્તના પ્રાન્ત મંત્રી પ્રો. જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે કાર્યકર્તા વિશે, નિકેશભાઈ રાવલે સંસ્કૃત ભારતીના વિવિધ પ્રકલ્પો વિશે અને ગૌરવ પરીક્ષા પ્રકલ્પના સંયોજક ડૉ.નૈતિકભાઈ પ્રજાપતિએ ગૌરવ પરીક્ષા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. અંબાજી કોલેજના આચાર્ય શંકરભાઈ પટેલ, પ્રો. શૈલેષભાઈ બારોટ, પ્રો. જ્યોત્સનાબેને સ્થાનિક વ્યવસ્થામાં સહયોગ પુરો પાડ્યો હતો.

### ગ્રાન્ટેડ શાળાઓના અસ્તિત્વ સામે જોખમી ઠરાવ રદ

# જિલ્લાની ૪૨૭ ગ્રાન્ટેડ શાળાઓને ગુજરાત સરકારે જીવનદાન આપ્યું

બાયડ, તા.૨૪

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા વર્ષોથી સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ ધો.૧૦-૧૨ ના બોર્ડ પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિ રદ કરવાની રજૂઆત થતી હતી. આખરે ભાજપની દાદાની સરકારે તેનો સ્વીકાર કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૪૨૭ ગ્રાન્ટેડ શાળાઓના અસ્તિત્વ માટે જોખમી ઠરાવ રદ થતાં શાળા સંચાલકો અને આચાર્યોમાં આનંદ જોવા મળી રહ્યો છે. જ્યારે ગત માર્ચમાં યોજાયેલી પરીક્ષામાં નબળું પરિણામ લાવનારી ૭૨ શાળાઓને પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિ રદ થતાં મહત્તમ ફાયદો થવાની ધારણા છે જોકે તેનો અમલ ક્યારથી થવાનો છે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજયની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સંગઠન અને સ્થાનિક સંગઠનો દ્વારા પાછલા દોઢ દાયકાથી પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિ રદ કરવાની સરકારમાં રજૂઆત કરતા આવ્યા હતા. જ્યારે અગાઉના વર્ષોમાં શિક્ષકોની અછતના કારણે અનેક શાળાઓના બોર્ડ પરિણામ નબળા તેમજ વર્ગ દીઠ મોંઘવારીમાં ન પરવડે તેવી ગ્રાન્ટના કારણે પણ અનેક મંડળો દેવાદાર થઈ ગયા હતા. કેટલાક મંડળો પાસે તો લાઈટ બીલ અને ટેલિફોન બીલ ભરવાના પણ ફાંફા હતા આ સંજોગોમાં ફરી એકવાર શાળા સંચાલકો અને વિવિધ ઘટક સંઘોએ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર અને ત્યારબાદ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ વર્તમાન સ્થિતિનો આયનો રજૂ કરી પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિ રદ કરવામાં નહીં આવે તો અનેક શૈક્ષણિક સંસ્થાઓ ભૂતકાળ બની જશે તેમજ કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ ઓછી ગ્રાન્ટના કારણે બંધ થઈ તેની જાણકારી પણ સરકારને આપવામાં આવી હતી. છેવટે ગત રોજ સરકાર દ્વારા પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિ બાબતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના વિશાળ હિતમાં રદ કરવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે શાળાઓનું નબળું પરિણામ આવશે તો પણ કોઈપણ પ્રકારનો ગ્રાન્ટકાપ થશે નહીં જો કે હજુ સુધી આ અંગેનો સત્તાવાર પરીપત્ર સંચાલકો સુધી પહોંચ્યો નથી.

# શંકરભાઈ ચૌધરીએ વાછડાલ ગામે કરાવ્યો ઉમંગ મોલ અને બનાસ બેંક એ.ટી.એમ સુવિધાનો શુભારંભ








પાલનપુર, તા. ૨૪

ગ્રામજનોને ઘર આંગણે જ ગુણવત્તાવાળી જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ વ્યાજબી ભાવે આપવાના ઉમદા અભિગમ સાથે બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ધાનેરા તાલુકાના વાછડાલ ગામે નવનિર્મિત ઉમંગ મોલનો શુભારંભ કરાવ્યો તેમજ વૃક્ષારોપણ કરી લોકભાગીદારી સાથે બનાસકાંઠાનાં ગામડાઓમાં સર્જાતી હરિયાળી ક્રાંતિ માટે આનંદ વ્યક્ત કર્યો હતો. અગામી સમયમાં ઉમંગ મોલ વિશાળ વટવૃક્ષમાં રૂપાંતરિત થઈ બનાસકાંઠાની ઓળખ બનશે તેમજ જિલ્લાના અર્થતંત્રને મજબુત બનાવવામાં ડેરીએ જે રીતે મદદ કરી છે, તેવી જ મોટી મદદ ઉમંગ મોલ કરશે. પશુપાલકોના જીવનને સુવિધાથી સજ્જ, આર્થિકરીતે સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાના હકારાત્મક અભિગમ તેમજ ખેડૂત અને પશુપાલક પોતાના ઘરની નજીકથી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ વિવિધ ખરીદીના વિકલ્પો સાથે ઉચ્ચ ગુણવતા અને વ્યાજબી ભાવે ખરીદી કરી શકે એ ઉદેશ્ય સાથે બનાસ ડેરી બનાસકાંઠા જિલ્લાના ગામોમાં ઉમંગ મોલ શરુ કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ગ્રામની ભાવનાને બનાસ ડેરી સહકારી ક્ષેત્રમાં ઉમંગ મોલ થકી જનભાગીદારી દ્વારા સાકાર કરી રહી છે એવું ચેરમેન શંકરભાઈ ચૌધરીએ ઉમંગ મોલના લોકાર્પણ પ્રસંગે પશુપાલકોને જણાવ્યું હતું.

# તલોદ ટ્રિનીટી કેમ્પસ ચાલતી સાઈની પ્રિ-સ્કૂલમાં યલો ડેની ઉજવણી કરાઈ



તલોદ, તા. ૨૪

એજ્યુકેશન ટ્રિનિટી કેમ્પસ ચાલતી સાંઈની પ્રિ સ્કૂલમાં યલો ડે ની ઉજવણી કરવામાં આવી હતી આ દિવસે શાળાના વિદ્યાર્થીઓએ સાથે શિક્ષક ગણ પણ યલો માં આવેલા હતા. ક્રાફ્ટ થી,સાડીઓ થી પીળા રમકડા થી પીળા ફૂલો તથા ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો સુંદર આયોજન ઉત્સવ કનવીર રચનાબેન ગાંધી દ્વારા કરવામાં આવેલ હતું કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી ડોક્ટર કિરીટ સર તથા આચાર્યઅલ્પેશ સર શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

# મેઢાસણના પૌરાણિક સ્વયંભૂ રામેશ્વર મહાદેવ મંદિર ૧૦૮ જ્યોતની મહાઆરતી યોજાઈ

### અધિકમાસના પ્રારંભથી શિવઆરતી તેમજ પ્રસાદ વિતરણનો લ્હાવો લઈ ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે








મોડાસા, તા. ૨૪

મોડાસા તાલુકાના મેઢાસણ ખાતે અતિપ્રાચીન એવું સ્વયંભૂ રામેશ્વર મહાદેવનું મદિર છેલ્લા બે માસથી ભક્તિધુનથી ગુંજી રહ્યું છે.અધિકમાસના પ્રારંભથી જ સેંકડોની સંખ્યામાં સમસ્ત ગ્રામજનો દ્વારા જગતકલ્યાણ અર્થે શીવધૂન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. મેઢાસણ ગામની મધ્યમાં આવેલ સ્વયંભૂ પ્રગટ રામેશ્વર મહાદેવ મંદિરનું આ વિસ્તારમાં અનેરું મહત્વ છે.વ્યતીત પૂરષોત્તમમાસ તેમજ પવિત્ર શ્રાવણમાસમાં મેઢાસણ ગામના યુવાનો દ્વારા પ્રતિદિન સંધ્યા સમયે શિવઆરતીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.યુવાનો દ્વારા પ્રતિદિન ગર્ભગૃહને રંગોળીથી શણગારી સપ્રાંત વિષયોને સાંકડી દર્શનકરવા આવનાર ભાવિકભક્તોને પ્રવતમાન સ્થિતિ સાથે ભક્તિરસનો સુંદરસંદેશ આપવામાં આવી રહ્યો છે.તાજેતરમાં ચંદ્રયાન સફળતા પૂર્વક ઉતરાણ કરે તે હેતુથી ગ્રામજનો દ્વારા ૧૦૮ જયોતની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મેઢાસણ ગામ સહિત આસપાસમાંથી આવતા સેંકડો ભાવિકભક્તો ઉપસ્થિત રહી દેશના મહત્વપૂર્ણ કાર્યને સફળ બનાવવા પ્રાર્થના કરી હતી. મહાદેવ મંદિર ખાતે છેલ્લા બે માસથી યોજાતા ભક્તિરસના કાર્યક્રમમાં પટેલ હર્ષદભાઈ .કે.તેમજ પટેલ નૈમેષભાઈ (રોમાભાઈ).જે.સહિત મંદિર પ્રશાસનના હોદેદારો દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.





અરવલ્લી જિલ્લાના ધનસુરા ના શ્રી શુળપાણેશ્વર મહાદેવજી ના મંદિર ખાતે શ્રાવણ માસ માં ભજન મંડળી નું આયોજન કરવામાં આવ્યું છે રોજ રાતે આ ભજન મંડળી નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ભજન કિર્તન યોજાય છે જેમાં ધનસુરા અને આજુબાજુ ના ભક્તો મોટી સંખ્યામાં ભગવાનના દર્શન અને ભજન કિર્તન માટે ઉમટે છે શ્રાવણ માસ નું ભારતીય સંસ્કૃતિ માં અનેરું મહત્વ છે.રાજ્ય માં શ્રાવણ માસની ઉત્સાહ પૂર્વક શરૂઆત થઈ છે ત્યારે અરવલ્લી માં લોકો મોટી સંખ્યામાં ભગવાન મહાદેવજી ના દર્શન માટે ઉમટી રહ્યા છે.શ્રી શુળપાણેશ્વર મહાદેવજી ના મંદિર ખાતે લોકો મોટી સંખ્યામાં ભજન કિર્તન માં જોડાય છે